**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૫/૧/૨૦૧૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી ૨૦૫ લીટર દેશી દારૂ, ૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૨૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુન તથા ખુનની કોશીશની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૦૩/૧૫**

**નારણપુરા :** બિરબલ અયોધ્યાપ્રસાદ પ્રસાદ (ઉ.વ.૨૬)(રહે.દેસાઈની ચાલી, ગામઃ કપોલી, જીઃ રાયગઢ મહારાષ્ટ્ર) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧/૧૫ રાતનાં ૧૦/૩૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન નારણપુરા કપિલકુંજ સોસાયટી ગેટ નં.-૨ ની સામેના ભાગે, રેલવે ટ્રેકની બાજુમાં આવેલ ઝાડીઓમાં બિરબલ અને વંદના પ્રસાદ (ઉ.વ.૨૨)(રહે.વેરાવળ હાલ રહે.નારણપુરા અંકુર રોડ ઉપર આવેલ હોસ્ટેલ ખાતે)સાથે બેઠા હતા. દરમ્યાન ચાર અજાણ્યા ઈસમો (ઉ.વ.૨૫ થી ૩૦ ના આશરાના) આવીને વંદના સાથે જબરજસ્તી કરતા, વંદનાએ ના કહેતા તેઓએ તીક્ષ્ણ હથિયારથી વંદનાને ઉપરા-છાપરી ઘા મારી, શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી વંદનાનું મોત નિપજાવેલ, તેમજ વંદનાને છોડાવવા વચ્ચે પડેલ બિરબલને પણ જાનથી મારી નાખવાનાં ઈરાદે પેટના ભાગે એક ઘા મારી ગંભીર ઈજાઓ પહોચાંડતાં તેમને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.આર.ધમલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૪/૧૫**

**રામોલ :** કોકીલાબહેન જશવંતભાઇ પટેલ (રહે.સત્યનારાયણ હીલ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, સામ્રાજ્ય સોસાયટીની સામે, વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧/૧૫ સવારનાં ૧૦/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.પી.વસુનીયા ચલાવે છે.

**સરદારનગર :** યોગેશકુમાર ગોપાલભાઇ પટેલ (રહે.ખોડલધામ સોસાયટી, ભદ્રેશ્વર, સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧/૧૫ રાતનાં ૧૦/30 થી તા.૧૪/૧/૧૫ સવારનાં ૭/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૬,૧૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

<u>**ગાડીનો કાચ તોડી ચોરી :-**</u> <u>**સમાચાર યાદી નં.૧૦૫/૧૫**</u>

**વસ્ત્રાપુર :** ધવલભાઈ કેશવભાઈ ચૌધરી (રહે, વૈભવ ટાવર, વસ્ત્રાપુર) એ તા.૧૪/૧/૧૫ રાતનાં ૯/૦૦ થી ૧૦/30 વાગ્યા દરમ્યાન કર્ણાવતી પગરખાની દુકાન સામે રોડ ઉપર પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે.૦૧.એ.જી.૪૩૭૮ પાર્ક કરી હતી. જે કારનો ડ્રાઇવર સાઇડનો પાછળનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગની ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં સોનાનુ મંગળસુત્ર તથા સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૩૫,૦૦૦/- તથા રોકડા રૂપીયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૫,૦૦૦/- ની મતા હતી. આ અંગેની ફરીયાદ ધવલભાઇ ચૌધરીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

<u>**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૦૬/૧૫**</u>

**નવરંગપુરા :** જયેશભાઇ રમણલાલ શેઠ (રહે.પાર્થ ડુપ્લેક્ષ, ડૉક્ટર હાઉસ પાસે, એલીસબ્રીજ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧/૧૫ સવારનાં ૧૦/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા ડીલાઇટ સર્કલ પાસેથી પોતાના મોટા ભાઇ યોગેશભાઇ રમણલાલ શેઠ(ઉ.વ.૫૮) એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એ.એમ.ટી.એસ.બસ નંબર જીજે.૧.બી.વાય.૮૬૧૨ ના ચાલકે બસ બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી યોગેશભાઇનાં એક્ટીવાને ટક્કર મારતાં, યોગેશભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.પાંડોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.